## કોર્પોરેટ કરંટ

### મણ્ણાપુરમ્ બોર્ડ મિટિંગમાં કમ્પ્લાયન્સ-વહીવટ પર ફોકસ

**વલપાડ :** મણ્ણાપુરમ ફાયનાન્સ લિ.ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મિટિંગ અહીંના વડામથકે તાજેતરમાં મળી હતી. જેમાં કંપનીના ઓપરેશન્સ અને પર્ફોર્મન્સની સમીક્ષા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા હતા. આરબીઆઇ તરફથી મળેલા પત્રવ્યવહારના અનુસંધાને આ મીટિંગ મળી હતી. મિટિંગમાં એ બાબતની નોંધ લેવાઇ હતી કે કંપનીએ ૨૨મી માર્ચ, ૨૦૧૧થી કોઇ પણ જાહેર થાપણો સ્વીકારી નથી અને તેના દરજ્જા નોન-ડિપોઝીટ એક્સેપ્ટીંગ નોન-બેન્કીંગ ફાયનાન્સ કંપનીના દરજ્જાનું પાલન કરી રહી છે. બોર્ડે કંપનીને એવો નિર્દેશ આપ્યો હતો કે ભારતીય રિઝર્વ બેન્કની શંકાનો સંપૂર્ણપણે ઉકેલ લાવવાના જરૂરી તમામ પગલાં લે. ખાસ કરીને વી. પી. નંદકુમાર (એક્ઝિક્યુટીવ ચેરમેન) અને તેમના પરિવારની માલિકીની કે સંચાલિત અન્ય સંસ્થાઓના ઓપરેશન્સથી કંપની તેના ઓપરેશન્સને સંપૂર્ણ અલગ રાખવાના પગલાં તાત્કાલિક લેશે. કંપનીમાં વહીવટને સુધારવાના વધુ પગલાં લઇ તેના વિકાસને ઉચ્ચ સ્તરે લઇ જવામાં આવશે. બોર્ડે જગદીશ કપૂરના અધ્યક્ષપણા હેઠળ તેના સભ્યોની સ્વતંત્ર સમિતિ રચવાનો નિર્ણય કર્યો છે. આ સમિતિ ઓપરેશન્સ, સિસ્ટમ્સ, કન્ટ્રોલ્સ અને બોર્ડ કોમ્પોઝિશન અને અસરકારકતા સહિતના સંસ્થાકીય માળખાને લગતા તમામ પાસાંની સમીક્ષા કરશે.

### ડોલર સામે રૂપિયો ૪૯.૨૫ના મથાળે ખૂલ્યો

**મુંબઇઃ** અમેરિકન ડોલરની સામે રૂપિયો સતત ત્રીજા દિવસે ઉછાળે ખૂલ્યો છે. આજે ડોલરની સામે રૂપિયો પાંચ પૈસાના ઉછાળે ૪૯.૨૫ની સપાટીએ ખૂલ્યો છે. ગઈ કાલે રૂપિયો ત્રણ પૈસાના ઘટાડે ૪૯.૩૦ની સપાટીએ બંધ થયો હતો. ઈરાનના પ્રશ્ને આંતરરાષ્ટ્રીય ક્રૂડ બજારમાં ચિંતા જોવા મળી છે. આંતરરાષ્ટ્રીય ક્રૂડના ભાવ પણ નવ મહિનાની ઊંચી સપાટીએ જોવાયા છે. જેના પગલે ફોરેક્સ કારોબાર સીમિત રેન્જમાં રહેવાની સંભાવના છે. પિનેકલ ફોરેક્સના કે એન. સુબ્રહ્મણ્યમ્નું કહેવું છે કે, ''ક્રૂડની ચિંતાએ ફોરેક્સ બજારનો કારોબાર ચોક્કસ રેન્જમાં જોવા મળશે, જેના પગલે આજે ડોલર સામે રૂપિયાનો કારોબાર ૪૯.૦૫થી ૪૯.૩૫ની રેન્જમાં જોવાશે.'' કેટલાક દિવસથી ડોલર સામે રૂપિયો મજબૂત બની રહ્યો છે. જેના કારણે વૈશ્વિક બજારમાં રૂપિયાનું મૂલ્ય વધ્યું છે.

### ચાલુ વર્ષે શેરબજાર ભલે ૧૮ ટકા સુધર્યું પરંતુ

# ૨૦૧૧માં લિસ્ટેડ થયેલી મોટા ભાગની કંપનીઓના IPOમાં નેગેટિવ રિટર્ન

### વર્ષ ૨૦૧૧માં ૩૮ લિસ્ટેડ કંપનીમાંથી ૨૬માં નેગેટિવ રિટર્ન

અમદાવાદ, બુધવાર

શેરબજારમાં વર્ષ-૨૦૧૨માં ભલે ૧૮ ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હોય, પરંતુ પાછલાં વર્ષે આવેલા આઇપીઓમાંથી મોટા ભાગના આઇપીઓમાં હજુ પણ નેગેટિવ રિટર્ન જોવા મળી રહ્યું છે. નોંધનીય છે કે પાછલા વર્ષે ૩૮ આઇપીઓ લિસ્ટિંગ થયા હતા, જેમાંથી ૨૬ આઇપીઓમાં નેગેટિવ રિટર્ન જોવાયું છે, જ્યારે માત્ર ૧૨ જ આઇપીઓ લિસ્ટિંગ કંપનીઓ છે કે જેમાં પોઝિટિવ રિટર્ન જોવા મળ્યું છે.

શેરબજારમાં પાછલાં સળંગ સાત સપ્તાહમાં તેજી જોવા મળી રહી છે. આ સમયગાળામાં સેન્સેક્સમાં ૨,૮૩૫ પોઇન્ટથી વધુનો ઉછાળો આવ્યો છે. તમામ સેક્ટોરિયલ ઇન્ડેક્સ ગ્રીન ઝોનમાં જોવાયા છે. બજારના જાણકારોના જણાવ્યા મુજબ સંવદી વ્યાજ સંબંધિત સેક્ટોરિયલ ઇન્ડેક્સમાં વિદેશી સંસ્થાગત રોકાણકારોની ખરીદી જોવાતાં બજારમાં ઉછાળો આવ્યો છે, જેમાં ખાસ કરીને બેન્કિંગ, રિયલ્ટી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સેક્ટોરિયલ ઇન્ડેક્સમાં તેજી જોવા મળી છે. એફઆઇઆઇએ વર્ષ-૨૦૧૨માં ભારતીય ઇક્વિટી બજારમાં રૂ. ૨૪,૨૨૫ કરોડ કરતાં વધુનું




રોકાણ કર્યું છે, જેને પગલે બજારમાં ઉછાળો જોવાયો છે, પરંતુ તેમ છતાં પાછલાં વર્ષે લિસ્ટિંગ થયેલી મોટા ભાગની કંપનીના શેર ઇશ્યૂ પ્રાઇસથી નીચા જોવા મળી રહ્યા છે એટલે કે ૬૮ ટકા લિસ્ટેડ આઇપીઓ કંપનીમાં નેગેટિવ રિટર્ન જોવા મળી રહ્યું છે.

બજારના નિષ્ણાતોના કહેવા પ્રમાણે પાછલા વર્ષે અનેક કંપનીઓએ ઊંચી ઓફર પ્રાઇસ પડાવી નાના રોકાણકારોને ફસાવી નાણાં એકઠાં કર્યાં હતાં. પાછળથી લિસ્ટિંગના પ્રથમ દિવસે મોટી વધઘટ જોવાઇ હતી. સેબીએ કેટલીક કંપની સામે તપાસ પણ ચલાવી છે. હવે જ્યારે વર્ષ-૨૦૧૨માં બજાર ૧૮ ટકાથી વધુ સુધર્યું છે ત્યારે સેકન્ડરી માર્કેટની સાથે પ્રાઇમરી બજાર પણ સુધરે તેવી આશા બજારના નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે.

### ૨૦૧૧માં આવેલ *IPO*માં રિટર્ન

| મહિનો | *IPO* | નેગેટિવ | પોઝિટિવ |
|---|---|---|---|
| જાન્યુઆરી | ૩ | -૨ | + ૧ |
| ફેબ્રુઆરી | ૧ | -૧ | - |
| માર્ચ | ૫ | -૩ | + ૨ |
| એપ્રિલ | ૧ | -૧ | - |
| મે | ૭ | -૬ | +૧ |
| જૂન | ૨ | -૧ | +૧ |
| જુલાઇ | ૪ | -૩ | + ૧ |
| ઓગસ્ટ | ૩ | - | + ૩ |
| સપ્ટેમ્બર | ૪ | -૩ | + ૧ |
| ઓક્ટોબર | ૭ | -૫ | + ૨ |
| નવેમ્બર | ૧ | -૧ | - |
| **કુલ** | **૩૮** | **-૨૬** | **+ ૧૨** |

### જો નાયર સમિતિની ભલામણ સ્વીકારાય તો

# પ્રવર્તમાન ધિરાણ મર્યાદા કરતાં વધુ ધિરાણ મેળવી શકાશે

અમદાવાદ, બુધવાર

હવે હોમલોન, એજ્યુકેશન લોન, માઇક્રો અને સ્મોલ ઇન્ડસ્ટ્રીઝને વધુ ધિરાણ મળે તેવી શક્યતા છે. સરકાર ધિરાણ માટેના પ્રાથમિક ક્ષેત્રમાં વધારો તથા ધિરાણ મર્યાદા વધારવા વિચારણા કરી રહી છે. આરબીઆઇએ બનાવેલ સમિતિએ વર્ષ ૨૦૧૧માં કેટલાક ક્ષેત્રને ધિરાણમાં પ્રાથમિકતા આપવા અને ધિરાણ મર્યાદા વધારવા ભલામણ કરી હતી. ગઇ કાલે આરબીઆઇએ આ સમિતિની ભલામણો વિશે જાહેરાત કરી હતી. જો આ ભલામણનો અમલ થાય તો ધિરાણ લેનારને ઘણો ફાયદો થશે.

હાલ મોંઘવારીને કારણે મકાન, શિક્ષણ ખર્ચ, ઇન્ડસ્ટ્રીઝ સ્થાપવાનો ખર્ચ વગેરેમાં ઘણો જ વધારો થયો છે અને વર્તમાનમાં મળતું મર્યાદિત ધિરાણ પૂરતું નથી. આરબીઆઇએ યુનિયન બેન્ક ઓફ ઇન્ડિયાના તત્કાલીન ચેરમેન અને એમડી એમ. વી. નાયરની અધ્યક્ષતામાં પ્રાથમિક ક્ષેત્રની સમિતિની રચના ઓગસ્ટ-૨૦૧૧માં કરી હતી. આ સમિતિએ ધિરાણની મર્યાદા વધારવા માટે ખાસ ભલામણ કરી છે. સમિતિએ સ્થાનિક બેન્કના કુલ ધિરાણના ૪૦ ટકા ધિરાણ પ્રાથમિક ક્ષેત્ર, સાત ટકા માઇક્રો ઇન્ડસ્ટ્રીઝ, નવ ટકા ધિરાણ નાના તથા




### ભલામણ અમલમાં આવે તો આટલું ધિરાણ મળે

- ૩.૨૫ લાખ સુધીની હોમ લોનને પ્રાથમિકતા આપવી
- એજ્યુકેશન લોનની મર્યાદા ૧૦ લાખથી વધારી ૧૫ લાખ કરવી
- વિદેશી અભ્યાસની લોનની મર્યાદા ૨૦ લાખથી વધારી ૨૫ લાખ કરવી.
- માઇક્રો મેન્યુ. સેકટર માટે ધિરાણ ૩.૨૫ લાખથી વધારી ૩.૫૦ લાખ કરવું.
- સ્મોલ મેન્યુ. ઇન્ડસ્ટ્રીઝની ધિરાણ મર્યાદા ૩.૮ કરોડ નક્કી કરવી.
- સર્વિસ સેકટરની સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ માટે ત્રણ કરોડ અને માઇક્રો ઇન્ડસ્ટ્રીઝ માટે ૨૦ લાખ ધિરાણ મર્યાદા નક્કી કરવી.

### સમિતિની પ્રાથમિક ધિરાણ ક્ષેત્ર અને ધિરાણ મર્યાદા વધારવા ખાસ ભલામણ

સીમાંત ખેડૂતોને આપવા ભલામણ, કરી છે. વિદેશી બેન્કો માટે પણ પ્રાથમિક ક્ષેત્રની મર્યાદા ૩૨ ટકાથી વધારી ૪૦ ટકા કરવા જણાવ્યું છે. એસએમઇ માટે ૧૫ ટકા, માઇક્રો સેકટર માટે ૭ ટકા અને નિકાસકારો માટે ૧૫ ટકા ધિરાણ ફાળવવા ભલામણ કરી છે. સમિતિએ આવા સેકટર માટે ધિરાણની રકમ પણ વધારવા જણાવ્યું છે.

નાયર સમિતિએ ધિરાણ ક્ષેત્રમાં કેટલાક નવા સેકટરનો સમાવેશ કરવા પણ સલાહ આપી છે કે જેથી દેશમાં સર્વાંગી વિકાસ સાધી શકાય. સ્મોલ એન્ડ મિડિયમ ઇન્ડસ્ટ્રીઝમાં પ્રવર્તમાન એમએસએમ ઈડી એક્ટ અંતર્ગત રોકાણ મર્યાદા વધારવા સમિતિએ જણાવ્યું છે. ખાસ કરીને મોંઘવારી અને વધી રહેલા ખર્ચને કારણે સમિતિએ ધિરાણ મર્યાદા અને પ્રાથમિક ક્ષેત્રમાં વધારો કરવાની ભલામણ કરી છે.